હિંમતનગરમાં સીએનજીના ભાવ વધારાના વિરોધમાં રિક્ષા ચાલકોની હડતાલ : ચાર હજાર રીક્ષાના પૈડાઓ થંભી ગયા

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ઓટો રિક્ષા એસોસીએશન દ્વારા સીએનજીના ભાવ વધારાના વિરોધમાં સોમવારના રોજ રિક્ષાના પૈડા થંભાવી દીધા હતા જેના કારણે હિંમતનગરમાં જિલ્લામાંથી અને બહારથી આવતા મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડી હતી. રિક્ષા એસોસીએશન દ્વારા અપાયેલ એક દિવસની હડતાલમાં હિંમતનગર સાથે ઈડર, પ્રાંતિજના રિક્ષા ચાલકો પણ જોડાયા હતા અને દરેક તાલુકા મથકે રિક્ષા ચાલકોએ એકઠા થઈ રેલી સ્વરૂપે જિલ્લા અને તાલુકાના તંત્રને આવેદનપત્ર આપ્યું હતું. ગત સપ્તાહમાં રૂ. ૭ જેટલો વધારો સીએનજી ગેસમાં કરાતા રિક્ષા ચાલકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો હતો તેથી હિંમતનગર શહેરના રીક્ષા ચાલકો અને માલિકોએ સોમવારના રોજ એક દિવસની રિક્ષાના પૈડા થંભાવી દઈને હડતાલ પાડી હતી. રિક્ષા ચાલકો શહેરના મુખ્ય એસટી બસ સ્ટેન્ડ પાસે આવેલ રિક્ષા સ્ટેન્ડ પર એકઠા થયા હતા અને પ્લેકાર્ડ અને સુત્રોચ્ચાર સાથે તંત્ર સામે વિરોધ કર્યો હતો. ત્યારબાદ તમામ એક લાઈનમાં સુત્રોચ્ચાર કરતા જિલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા. અને ૫ મુદ્દા સાથેની માંગણી સાથેનું આવેદનપત્ર આપ્યું હતું. પરંતુ આ હડતાલમાં ડીઝલ રિક્ષા ચાલકો જોડાયા ન હતા બીજી તરફ ઈડર અને પ્રાંતિજમાં પણ રિક્ષા ચાલકો હડતાલમાં જોડાયા હતા અને તેમણે પણ આવેદનપત્ર તાલુકા મથકે તંત્રને આપ્યું હતું. આ અંગે સાબરકાંઠા જિલ્લા ઓટોરિક્ષા એસોસીએશનના પ્રમુખ મનુભાઈ રાજપૂતે જણાવેલ કે સીએનજીના ભાવ વધારાના વિરોધમાં ૪૦૦૦ રિક્ષાઓના પૈડાઓ થંભી ગયા હતા અને જો ભાવ વધારો પાછો નહિ ખેંચવામાં આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે જલદ કાર્યક્રમો આપવામાં આવશે. રિક્ષા હડતાલને કારણે દિવસ દરમિયાન હિંમતનગરમાં જિલ્લામાંથી અને જિલ્લા બહારથી આવેલા મુસાફરો હડતાલથી અજાણ હતા જેના કારણે તેમણે ભારે હાલાકી ભોગવવી પડી હતી. દિવસ દરમિયાન શહેરના માર્ગો પર સીએનજી રિક્ષા દેખા નહિ દેતા શહેરીજનોએ પણ બીજો વિકલ્પ શોધી પોતાના કામ પર જવું પડયું હતું.

પ્રાંતિજમાં સી.એન.જી. ગેસના ભાવ વધારા સામે રિક્ષાચાલકોની હડતાલ

પ્રાંતિજ, તા.૨૧

સી.એન.જી. ગેસના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાતા પ્રાંતિજ રિક્ષા એસોસિએશન દ્વારા આજે એક દિવસીય હડતાલ પાડી રેલી યોજીને પ્રાંતિજ મામલતદારને સી.એન. જી.ના ભાવ વધારાના વિરોધમાં આવેદનપત્ર સુપ્રત કર્યુંહતું. હડતાલમાં સ્કુલવર્ધીના વાહનો પણ જોડાતા વિદ્યાર્થીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા અને નાગરિકોને પણ પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

સી.એન.જી.ના ભાવ વધારો કરવામાં આવતા ઠેર ઠેર રિક્ષા એસોસિએશન દ્વારા હડતાલ પાડી વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે પ્રાંતિજ તાલુકા રિક્ષા એસોસિએશન દ્વારા આજે એક દિવસીય હડતાલ પાડવામાં આવી હતી. રિક્ષા હડતાલમાં પ્રાંતિજની વિવિધ શાળાના સ્કુલ વર્ધીના વાહનો પણ જોડાયા હતા. પ્રાંતિજમાં રિક્ષાની જડબેસલાક હડતાલથી વિદ્યાર્થીઓ સહિત મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. સી.એન.જી. રિક્ષા ચાલકોએ પ્રાંતિજ એપ્રોચ રોડથી રેલી યોજી હતી. રેલી પ્રાંતિજ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી તેમજ પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે જઈ મામલતદારને આવેદનપત્ર રિક્ષા એશોસીએશનના પ્રમુખ મહમંદ જુબેર જી. કાગદી અને સભ્યોએ સુપ્રત કર્યું હતું.

સાબરકાંઠા પુરવઠા વિભાગનો સપાટો

મજરા અને પરવઠ વ્યાજબી ભાવની દુકાનમાં ગેરરીતી જણાતાં ૯૦ દિવસ માટે પરવાના મોકુફ : રૂ. ૨૬,૫૫૦ નો જથ્થો સીઝ કર્યો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા પુરવઠા વિભાગે સાબરકાંઠા જિલ્લાના જુદા જુદા મથકો ઉપર વ્યાજબી ભાવની દુકાનોની ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન પ્રાંતિજ તાલુકાના મજરા ગામે ભેરવનાથ મહિલા બચત ધિરાણ જુથ સંચાલિત રેશનીંગની દુકાન અને વિજયનગર તાલુકાના પરવઠ ગામની ધી ચીઠોડા ગૃપ સેવા સહકારી મંડળી સંચાલિત વ્યાજબી ભાવની દુકાનમાં ગેરરીતીઓ જણાતા બંને દુકાનોના રૂ. ૨૬,૫૫૦નો જથ્થો સીઝ કરી ૯૦ દિવસ માટે પરવાના મોકુફ કરવાનો હૂકમ કરેલ છે.

જિલ્લામાં લોકોને સરળતાથી સરકારના ધારાધોરણ મુજબ રેશનીંગનો જથ્થો મળી રહે તેમજ કાળા બજારને ડામવા જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાની દ્વારા રેશનીંગની દુકાનોની સતત ચકાસણી કરવામાં આવી છે. જિલ્લા પુરવઠા નિરિક્ષક આર.એમ. ચાવડા, યશવંત પરમાર, આર.બી. સોનીની ટીમે જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાનીની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ તાલુકાના મજરા ગામે આવેલ ભૈરવનાથ મહિલા બચત ધીરાણ જુથ સંચાલિત વ્યાજબી ભાવની દુકાનની તપાસ હાથ ધરતા ૨૨૦ લીટર કેરોસીન અને ૨૨૭૦ કીલો ઘઉંની ઘટ જણાતા રૂ. ૧૬,૩૩૦ નો જથ્થો સીઝ કરી ૯૦ દિવસ માટે પરવાનો મોકુફ રાખવાનો હૂકમ કરેલ છે. વિજયનગર તાલુકાના પરવઠ ગામની ધી ચિઠોડા ગ્રુપ સેવા સહકારી મંડળ સંચાલિત રેશનીંગની દુકાનમાં તપાસ દરમ્યાન ૧૦૦૦ કીલો ઘઉ, ૧૦૯ કીલો ચોખાની ઘટ તેમજ પામોલીન તેલના ૧૫ પાઉચની વધ જણાતા રૂ. ૧૦,૨૫૦નો જથ્થો સીઝ કરી ૯૦ દિવસ માટે પરવાનો રદ કર્યો છે. જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાની દ્વારા ગેરરીતીઓ આચરનારા દુકાનદારો સામે લાલ આંખ કરતા કાળા બજારીયાઓમાં ફફળાટ વ્યાપી જવા પામ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા પોલીયો યોજના હેઠળ ૨૦મી જાન્યુઆરીનાં રોજ ૦ થી ૫ વર્ષનાં બાળકને પોલીયો પીવડાવવામાં આવ્યો હતો અને ગુજરાતને પોલીયો મુક્ત કરવામાં આવ્યું હતું. તેમાં માલગઢ, આંગણવાડી કેન્દ્રો પર તેમજ ડીસા સિંધિ કોલોની, અંબાજી મંદિર ખાતે તેમજ ભણસાળી હોસ્પિટલનાં ગેટ પાસે તેમજ સાંઈબાબા મંદિર ખાતે તેમજ સિવિલ હોસ્પિટલ, આંગણવાડી કેન્દ્રો પર પોલીયો રસીનાં બે ટીપા પીવડાવવામાં આવ્યા હતા અને બાળકોને બે ટીપાં પીવડાવી પોલીયો મુક્ત કરવાનો પ્રયાસ કર્યો હતો.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પાલનપુર લૉ કૉલેજમાં વકીલ પરિષધ યોજાઈ

પાલનપુર, તા. ૨૧

બી.કે. મર્ક્ન્ટાઈલ બેંક લૉ કૉલેજ પાલનપુર અને પાલનપુર બાર એસોસીયેશન ઉપક્રમે પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણાના વકીલોની પરિષદ યોજાઈ હતી. લૉ કૉલેજ આચાર્યા ડૉ. મીનલબેન ઉપાધ્યાયના સ્વાગત પ્રવચન કર્યુંહતું. પ્રા. હિરલ જોષીએ પરિષદની ભૂમિકા જણાવી હતી. ન્યાયાધીસ બુચે ઈ.પી.કો. ૪૯૮એ હેઠલ સાસરીયાઓ દ્વારા વહુ સાથે થતાં ખરાબ વ્યવહારની કાયદાકીય સમજ આપી હતી. પ્રો. અશ્વીન કારીયાએ આ કલમોના તારણો રજૂ કર્યાં હતા. ન્યાયાધીશ એ.જી. ઉરેજા, શિરીષભાઈ મોદી એ કાયદાઓની સમજ આપી હતી. આભારવિધિ બાર એસોસીયેશનના પ્રમુખ અંબાલાલ ઉકાવાલાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ગ્રંથપાલ ડૉ. અજય રાવલ, કિરણ બોરવાસ, શેફાલી મોઢે કરેલ હતું.

મહેસાણા ખાતે ૧૮મી ઈન્ટર સ્ટેટ પી.એસ.પી.બી. કબડ્ડી ટુર્નામેન્ટનો ઓ. એન.જી.સી. ખાતે પ્રારંભ

મહેસાણા, તા. ૨૧

મહેસાણામાં ૧૮મી ઈન્ટર સ્ટેટ પી.એસ.પી.બી. કબડ્ડી ટુર્નામેન્ટનો આજે ઓ.એન.જી.સી.નાએસેટ મેનેજર શ્રી એસ.કે.ગુપ્તાએ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉદ્‌ઘાટન પ્રવચન કરતા જનરલ મેનેજરે શ્રી મહેન્દુએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે આ રમતથી એક નવી તાકાતનો ઉમેરો થાય છે જે વ્યક્તિમાં એક ખેલદીલીની ભાવના ઉભી કરે છે. અને દરેક વ્યક્તિએ આ રમતમા ભાગ લેવો જોઈએ.જ્યારે શ્રી એસ.કે. ગુપ્તાએ મુખ્ય મહેમાન પદેથી જણાવ્યું હતું કે કબડ્ડી અને ખો ખો ની રમત આપણી પ્રાચીન સંસ્કૃતિ સાથે જોડાયેલ છે અને ખેલાડીને ખમીરવંતો બનાવે છે.

ઓ.ન.જી.સી.ના આંબેડકર સ્ટેડિયમ ખાતે યોજાઈ રહેલ આ ટુર્નામેન્ટમાં ૭૦ થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ ટુર્નામેન્ટ તારીખ ૨૧-૧-૨૦૧૩ થી તારીખ ૨૪-૧-૨૦૧૩ સુધી ચાલશે અને વિજેતા ખેલાડીઓનું છેલ્લા દિવસે સન્માન કરવામાં આવશે.

ડીસાના ભોયણ ગામ પાસેથી ઘાયલ અવસ્થામાં એક ઘૂવડ પક્ષી મળી આવ્યું હતું. જેને સ્થાનીક લોકોએ જીવદયા ભાવનાથી પ્રેરાઈ સારવાર અર્થે પાંજરાપોળને સુપ્રત કર્યું હતું. ઘૂવડ નીશાચર પક્ષી છે. તેની આંખો અને ગોળ ચહેરાના કારણે આ પક્ષી પ્રસીધ્ધી પામેલ છે. ઘૂવડની પાંખો ખુબજ મુલાયમ હોઈ તેના ઉડવાનો અવાજ નથી આવતો. જોકે ખુબજ ઓછા પ્રકાશમાં પણ જોઈ શકતું આ પક્ષી રાત્રીના અંધકારમાં આબાદ શીકાર કરી શકે છે. કેટલાક લોકોની એવી માન્યતા છે કે મનુષ્યના મૃત્યુની ખબર પ્રથમ ઘૂવડને પડે છે. જેથી તે નજીકના ઝાડ પરથી અશુભ સંદેશ બોલે છે. ભારત વર્ષમાં ઘૂવડની અનેક જાતો જોવા મળે છે. જેમાં મુખ્ય જાતી મુઆ અને ઘુગ્ઘૂ છે. મુઆ જાતીનો ઘૂવડ પાણીની નજીક જ્યારે ઘુગ્ઘૂ જાતીના ઘૂવડો ખંડેર અને ઝાડ પર રહે છે. ઘૂવડનું મુખ્ય ભોજન ચકલી, ઉંદર, દેડકા તેમજ માછલી છે. તેમનો પ્રજનન કાળ ડીસેમ્બરથી માર્ચ સુધી હોય છે. ઘૂવડ ગાઢ-જંગલ, વિરાન ઝાડ અને મોટા વૃક્ષોમાં સંતાઈ આશ્રય લે છે. પરંતુ રાત્રી સમયે આ નિશાચર પક્ષી ઘુગ્ઘૂ ઉ ઉ ઉની મનહુસ કહી શકાય તેવા અવાજથી તેની હાજરી બતાવે છે. પર્યાવરણ મંત્રી જયરામ નરેશે કહ્યું હતું કે ફીલ્મ ડેરી પોટરથી આકર્ષીત થઈ બાળકો પોતાના માતા-પિતા પાસે અસલ જીવીત ઘૂવડની માંગ કરતાં હોઈ ઘૂવડની સંખ્યામાં ચીંતાજનક રીતે ઘટાડો થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ ગંગા સભાના અધ્યક્ષ રામકુમાર મિશ્રાએ જાહેર કરેલ છે કે ઘૂવડની પુજા વિના લક્ષ્મીની પુજા થઈ શકે નહીં કેમકે ઘૂવડ લક્ષ્મીજીની સવારી છે. ધન, ધાન્યની પ્રાપ્તી માટે ઘૂવડની પુજા કરાય છે. ઘૂવડને બંધક બનાવી પુજા કરવી યોગ્ય નથી અગર તે અનાયાશે મળી જાય તો તેની પુજા કરવી જોઈએ અથવા તેના પ્રતિક સ્વરૂપ લાકડા અથવા અન્ય ધાતુથી બનેલ યંત્રની પુજા કરવી જોઈએ આ વાતને અનુમોદન આપતાં આચાર્ય ચંદ્રકાંત ત્રિવેદીએ પણ કહેલ કે ઘૂવડ અશુભન હોઈ શકે કેમકે તે લક્ષ્મીજીનું વાહન છે. જેથી ગૌતમ ગૌત્રના વંશજો આજે પણ ઘૂવડની પુજા કરે છે. આમ સામાન્ય લોકોમાં અશુભ મનાતું આ પક્ષી અનેકો રીતે શુભ હોવાનું શાસ્ત્રો વર્ણવે છે. ડીસામાં ભાગ્યેજ જોવા મળતું આ દુર્લભપક્ષી ઘાયલ અવસ્થામાં મળી આવતાં લોકોમાં ભારે અચરજ ફેલાયું હતું.

હિંમતનગરની ન્યૂ ઈંગ્લીશ હાઈસ્કૂલમાં ફાયર મોકડ્રીલ યોજાઈ

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા સોમવારના રોજ બપોરે મોકડ્રીલ યોજાઈ હતી. જેમાં જિલ્લા તંત્રને એક મેસેજ કરવામાં આવેલ કે હિંમતનગર શહેરના મહાવીરનગર સ્થિત આવેલ ન્યુ ઈંગ્લીશ હાઈસ્કુલમાં આગ લાગેલ છે અને તે આગમાં વિદ્યાર્થીઓ સપડાયા છે જે મેસેજ મળતાની સાથે જ જિલ્લાનું બચાવ તંત્ર કામે લાગી ગયેલ અને સ્થળ પર પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

ભારત સરકારના ગૃહમંત્રાલય, નાગરિક સંરક્ષણ અને ફાયર સેલ દ્વારા ગુજરાત સરકારના જીએસડીએમ અને શિક્ષણ વિભાગ આયોજિત જિલ્લા વહીવટી તંત્ર અને ડિઝાસ્ટર વિભાગ દ્વારા આગ સામે સલામતી વિષય પર એક ફાયર મોકડ્રીલ સોમવારના રોજ યોજવામાં આવી હતી જેમાં જિલ્લા તંત્રને ૧૧ વાગેના સુમારે એક મેસેજ કરવામાં આવે કે હિંમતનગરની ન્યુ ઈંગ્લીશ હાઈસ્કુલમાં બીજે માળે એક રૂમમાં આગ લાગેલ છે અને ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓ આગમાં ફસાયા છે તેવો મેસેજ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ, ફાયર વિભાગ, આરોગ્ય વિભાગમાં કરવામાં આવ્યો હતો તેથી તુરંત બચાવ માટે તંત્ર દ્વારા બનાવેલ વિવિધ કામગીરી બજાવતી ૧૦ ટીમો કોલ મળતાની સાથે જ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ ફાયર મોકડ્રીલમાં ૨૦ શિક્ષકો, ૬૦ જેટલા વિદ્યાર્થીઓ, ૧૫ જેટલી ફાયર ટીમો, ૨૦ કર્મચારીઓ આરોગ્ય વિભાગના, ૧૫થી વધુ પોલિસ કર્મીઓએ ફરજ બજાવી હતી. આ મોક ડ્રીલનો હેતુ એવો હતો કે આગ લાગવાના સમયે શાળામાં વ્યવસ્થા તંત્ર કેવી રીતે અને કેટલા સમયમાં પહોંચે છે તે હતો.

ઉત્તર ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી

હિંમતનગર, તા.૨૧

ઉત્તર ભારતમાં હિમવર્ષા થતા ઉત્તર ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી હાડ થિજવતી ઠંડીના કારણે સમગ્ર વિસ્તાર ઠંડોગાર બની ગયો છે. ઠંડીથી બચવા માટે લોકો ગરમ વસ્ત્રો પહેરે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં કેટલાય લોકો તંદુરસ્તી માટે વહેલી સવારના સમયે મોર્નિંગ વોક માટે નીકળી શરીરને મજબુત બનાવવા પ્રયત્નો કરે છે. આ સાથે યોગ પ્રાણાયામ અને અન્ય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. પરંતુ તીવ્ર ઠંડીમાં માનવ સહિત પશુ પંખીઓની હાલત કફોડી બની છે.

આ વર્ષે શિયાળાની ઋતુમાં મોડેથી ઠંડીનું આગમન થયું છે. જે આગામી લાંબા દિવસો સુધી જળવાયેલું રહેશે તેમ જણાય છે. શિયાળાની ઋતુમાં મોડેથી ઠંડી પડતા રવિપાકોની સ્થિતિમાં સુધારો થયો છે. ખેતરોમાં વિવિધ પાકોને ઘણો ફાયદો થયો છે અને પાકોના ઉતારા સારા રહેતા ઉત્પાદનો પણ વધવાની ધારણા રખાય છે.

જીરૂ-વરિયાળીના પાકો તૈયાર થવા આવ્યા છે. જેથી બજારોમાં નવા માલોની ધીમી આવકો શરૂ થઈ છે હાલ નવા માલોના ભાવો એકંદરે ઊંચા છે. જેથી ખેડૂતો પોતાની ખેત ઉત્પાદનોના તૈયાર થયેલા માલો બજારોમાં વેચાણ અર્થે લાવી રહ્યા છે. હાલ હવામાનમાં ઠંડીનું પ્રમાણ વધુ હોવાથી નવા માલોની આવકો ઓછી છે. જેમ ઠંડીનું પ્રમાણ ઘટશે તેમ તેમ બજારમાં નવા માલોની આવકો વધતી જશે તેમ જણાય છે.

વેપારીઓના જણાવ્યા મુજબ આગામી ફેબ્રુઆરી માસથી જીરૂ-વરિયાળીના નવા માલોની આવકો વધવાની સંભાવના છે. આવકો વધશે એટલે દેશાવરોની ઘરાકી નીકળશે આથી નજીકના સમયમાં વર્તમાન મથાળેથી ભાવો ઘટશે નહીં.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જન્મુ-કાશ્મીરમાં હિમવર્ષા થઈ રહી છે ત્યારે ગુજરાતમાં પણ બર્ફીલા પવનના કારણે લોકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યો છે. પ્રાંતિજ પંથકમાં પણ લોકો ઠંડીથી બચવા તાપણા કરી રહ્યા છે. તાપણે તાપીને લોકો લગ્ન પ્રસંગની તેમજ નગરપાલિકાની ચૂંટણીના કાવાદાવાની ચર્ચા કરતા નજરે પડે છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮